વર્ષ : ૧૭, અંક : ૧૨, સળંગ અંક : ૨૦૪ ઓક્ટોબર : ૨૦૧૦

સતપંથ પ્રકાશ



વૈદિક મંત્રોચ્ચાર દ્વારા વારિયજ્ઞ - મહાપૂજા કરી રહેલ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ

મૂલ્ય : ૭/- રૂ.


વર્ષ : ૧૭, અંક : ૧૨, સળંગ અંક : ૨૦૪
ઓક્ટોબર : ૨૦૧૦
સતપંથ પ્રકાશ
આદેશ હરિ ૐ
વૈદિક મંત્રોચ્ચાર દ્વારા વારિયજ્ઞ - મહાપૂજા કરી રહેલ પ.પૂ. જગદ્દગુરુ શ્રી નાનકદાસજી મહારાજ
મૂલ્ય : ૭/- રૂા.

RNI No. GUJ-2006-11664 Postal Regd. No. Guj-GNR-238

સતપંથ પ્રકાશ

વર્ષ : ૧૭, અંક : ૧૨, સળંગ અંક : ૨૦૪

ઓક્ટોબર : ૨૦૧૦

સંપાદક

શ્રી શામજીભાઈ કે. પટેલ

સતપંથ પ્રકાશ - લવાજમ દર

	ભારતમાં	વિદેશમાં
વાર્ષિક	૮૦=૦૦	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	૨૨૦=૦૦	૧૮૦૦=૦૦
આજીવન	૭૫૦=૦૦	૪૦૦૦=૦૦
અમર	૧૫૦૦=૦૦	૭૦૦૦=૦૦

પ્રકાશક

સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ પીરાણા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ - ૩૮૨૪૨૫.
ફોન:(૦૨૭૧૮) ૨૮૮૨૨૭,૨૮૮૨૨૯,૨૮૮૮૧૨ ફેક્સ : ૦૨૭૧૮-૨૮૮૮૭૨
E-mail : kutchkadavasssamajtrust@yahoo.in
(Contact : Mob. No. 9427701112)

Website :	E-mail :
www.satpanth.org	info@satpanth.org
www.satpanthprakashan.org	info@satpanthprakashan.org
www.nishklankinarayan.com	info@nishklankinarayan.com

કુરીયર્સ : દ્વિજેશ પટેલ - મો. ૯૯૭૪૬૬૪૨૪૪
સત્યમ ઓટો કન્સલટન્ટ
૧૨, નાલંદા સોસાયટી, નારણપુરા રેલ્વે ક્રોસીંગ, નારણપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૩
C/o. સતપંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ પીરાણા

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ : જી/૧૨, ન્યુ માધુપુરા માર્કેટ, પોલીસ કમિશ્નરની ઓફિસ સામે, શાહીબાગ, અમદાવાદ ફોન : (૦૭૯) ૨૫૬૨૪૩૯૦

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય વિજયેતેતરામ ॥

જ્યારે પુત્ર પોતાનાં માતા-પિતાની સેવા કરે અને તેમનાં મરણોપરાંત તેમની મૃત્યુતિથિ અને શ્રાધ્ધપક્ષમાં વિધિવત શ્રાધ્ધ કરે ત્યારે વૈદિક પરંપરા અનુસાર પુત્રનું પુત્રત્વ સાર્થક થાય. દરેક મનુષ્ય પર જન્મથી જ ત્રણ ઋણ હોય છે. દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ. ઋષિઓએ ધર્મશાસ્ત્રમાં શ્રાધ્ધની અનિવાર્યતાને રેખાંકિત કરતાં કહ્યું છે કે શ્રાધ્ધ કરવાથી કર્તા પિતૃઋણમાંથી મુક્ત થઈ જાય છે તથા પિતૃઓ સંતુષ્ટ રહે છે. જેનાથી શ્રાધ્ધકર્તા અને પરિવારનું કલ્યાણ થાય છે. શ્રાધ્ધ મહિમામાં કહેવાયું છે કે :

જે લોકો પોતાના પિતૃઓનું શ્રાધ્ધ શ્રધ્ધાપૂર્વક કરે છે, તેમના પિતૃઓ સંતુષ્ટ થઈને તેને આયુષ્ય, સંતાન, ધન, સ્વર્ગ, રાજ્ય, મોક્ષ અને અન્ય સૌભાગ્ય પ્રદાન કરે છે.

આપણી હિન્દુ સંસ્કૃતિમાં માતા-પિતા અને ગુરુજનને વિશેષ શ્રધ્ધા અને આદર આપવામાં આવ્યાં છે. તેમને દેવતુલ્ય મનાયાં છે. પિતૃઓ પ્રસન્ન થતાં સઘળા દેવતા પ્રસન્ન થાય છે. ભાદ્રપદ માસમાં પૂર્ણિમાથી અમાસ સુધી જે તિથિઓ હોય છે, તેમાં પિતૃઓનાં શ્રાધ્ધકર્મ સંપન્ન થાય છે. શ્રાધ્ધ પક્ષમાં પૂર્વજ તેમના વંશજો દ્વારા ધાન્ય, વસ્ત્ર, પ્રસાદ વગેરે દાન કરતાં તેનો સ્વીકાર કરે છે અને શુભાશીર્વાદ આપે છે. બ્રહ્મવૈવર્ત વર્ગ પુરાણ અનુસાર જે વ્યક્તિ પિતૃઓનું શ્રાધ્ધ કરતા નથી તેના પિતૃઓ તેને શાપ આપે છે. પરિણામે તે રોગી, દુઃખિયા, વંશહીન થઈ જાય છે. શ્રાધ્ધકર્મમાં આદર સાથે રાંધેલાં અનેકવિધ શુધ્ધ પકવાન, દૂધ, દહીં, ઘી, વગેરે શ્રધ્ધાપૂર્વક પિતૃઓને અર્પણ કરવાનું નામ જ શ્રાધ્ધ.

માટે પિતૃઓને નિરાશ પરત કરવા જોઈએ નહિ. તિથિ જો યાદ રહી ન હોય તો અમાસે પણ શ્રાધ્ધ કરી શકાય. આમ કરવાથી ભાગ્યમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતી રહે છે.

સંપાદક : શ્રી શામજીભાઈ કે. પટેલ

પ્રાર્થના





સાચા હૃદયે, હે નિષ્કલંકીનાથ ! તારે મંદિરે આશિષ લેવા આવ્યો છું !
ધર્મ-કરમ નીતિ ન્યાયને હૃદયે ભરી દે, તને તે કે'વા આવ્યો છું !
લોભ અને લાલચ તું દૂર કરી દે, એ માગણીએ આવ્યો છું !
રાગ-દ્વેષ ઈર્ષા કપટને ભૂલાવી દે, એ ભૂલવાને આવ્યો છું !
દુઃખીજનોને તું પ્રભુ દુઃખો ન દે, એ વિનવવાને આવ્યો છું !
દુષ્ટ પાખંડી પાપીને તું શિક્ષા દે, એ આશાએ હું આવ્યો છું !
સાચા સૌ ભક્તોને તારાં દર્શન દે, એ પ્રેમે કે'વા આવ્યો છું !
સદ્‌બુધ્ધિ સદ્‌વિચાર સૌને તું દે, એ તને કે'વા આવ્યો છું !
સાચા હૃદયે, હે નિષ્કલંકી નારાયણ, હું આશિષ લેવા આવ્યો છું !
હું આશિષ લેવા આવ્યો છું !

●●●

નમ્ર નિવેદન

સતપંથ પ્રકાશન સમિતિના સભ્યશ્રીઓ તેમજ લવાજમના સેવાભાવી પ્રતિનિધિશ્રીઓ જોગ

સતપંથ પ્રકાશનના માનવંતા સમિતિ સભ્યશ્રીઓ તેમજ લવાજમના સેવાભાવી પ્રતિનિધિશ્રીઓને એ વાત જણાવતા આનંદ થાય છે કે આપ સૌની સેવાના સહયોગથી આપણું "સતપંથ પ્રકાશ" દિવસો દિવસ પ્રગતિ કરતું રહ્યું છે અને રહેશે જ. આશા છે કે આપની સેવાનો સહયોગ ભવિષ્યના દિવસોમાં પણ 'સતપંથ પ્રકાશન'ને વિશેષ મળતો જ રહેશે.

વિશેષમાં સતપંથ પ્રકાશન સમિતિના સભ્યશ્રીઓ તથા લવાજમના સેવાભાવી પ્રતિનિધિશ્રીઓને નમ્ર નિવેદન સાથે એ વાત ધ્યાન પર લાવવા માગીએ છીએ કે આપ સૌના પુરુષાર્થથી 'સતપંથ પ્રકાશ' માસિકના ગ્રાહકોની સંખ્યામાં દિન પ્રતિદિન વૃધ્ધિ થતી રહે છે જ. પરંતુ હજુ પણ આપણા સતપંથ ધર્મનો વિશેષ પ્રચાર - પ્રસાર થાય તે હેતુને અનુલક્ષી આપના વિસ્તારમાંથી વધુને વધુ 'સતપંથ પ્રકાશ' માસિકના લવાજમના ગ્રાહકોની નોંધ કરી સતપંથ કાર્યાલયને મોકલી ધર્મલાભ લેવા કૃપા કરશો. તેમજ આગામી નવેમ્બર - ૨૦૧૦નો માસિક "દ્વિવિધ મહોત્સવ તથા દીપોત્સવી" અંક તરીકે વિશિષ્ટ અંક સંયુક્ત રીતે પ્રસિધ્ધ થશે તો તે દીપોત્સવી અંક માટે આપના વિસ્તારમાંથી દીપોત્સવી અંગેની શુભેચ્છા, ધંધા-બિઝનેસ અંગેની જાહેરાતો આપવા ઈચ્છતા મિત્રોની નોંધ કરી મોડામાં મોડા તા. ૨૦-૧૦-૨૦૧૦ સુધીમાં કાર્યાલયમાં મળી જાય તે રીતે મોકલી આપવા નમ્ર નિવેદન છે.

સંપાદકશ્રી : શામજીભાઈ કે. પટેલ

સતપંથ પ્રકાશન સમિતિ - પ્રેરણાપીઠ, પીરાણા.

સદ્‌ગુરુ તારણહાર

પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના સત્સંગ પ્રવચનમાંથી

બ્રહ્માનંદં પરમ સુખદં, કેવલં જ્ઞાનમૂર્તિમ્ ।
દ્વાન્દ્વાતીતં ગગનસદશં, તત્ત્વમસ્યાંદિલક્ષ્યમ્ ॥
એકં નિત્યં વિમલમચલં, સર્વધી સાક્ષીભૂતમ્ ।
ભાવાતીતં ત્રિગુણરહિતં, સદ્‌ગુરુ તં નમામિ ॥

જેમનો આનંદ બ્રહ્મમાં હોઈ જે પરમ સુખદાયક છે, જે કેવળ જ્ઞાનમૂર્તિ અને સુખ દુઃખાદિથી પર છે, જે આકાશ જેવા નિર્લેક્ષ છે, જે નિત્ય અજ્ઞાન દોષરહિત, સ્થિર, સર્વની બુધ્ધિને જ્ઞાનીત અને ત્રિગુણાતીત બનાવે છે એવા સદ્‌ગુરુદેવને પ્રણામ છે.

ધન્ય છીએ આપણે કે આપણને આવા ગુણયુક્ત "સદ્‌ગુરુ તારણહાર" મળ્યા છે. જન્મથી જ તેજસ્વી આવા જ્ઞાનીજનો સર્વ વિદ્યામાં પારંગત હોય છે. આવા મહાપુરુષોનાં માત્ર ચરણસ્પર્શથી જ, દર્શન માત્રથી જ, સ્થાનના સ્મરણ માત્રથી જ મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત થાય છે. ગમે તેવા અજ્ઞાનીને પણ તેમની કૃપાથી મુક્તિ મળે છે. સદ્‌ગુરુ ત્રિકાળ જ્ઞાની એટલે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ જાણનારા હોય છે. તેમજ તેઓ ત્રિગુણાતીત અને સમદર્શી હોય છે, ઈશ્વર પણ તેમના આધિન હોય છે.

સદ્‌ગુરુની કૃપા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. જન્મ મરણના ફેરા ટાળવા હોય તો સદ્‌ગુરુના શરણ વગર અશક્ય છે. તેમની કૃપા દૃષ્ટિથી જ બધી માયાની ઉપાધીમાંથી મુક્ત થઈ શકાય છે. સદ્‌ગુરુ પ્રત્યે જ્યારે આપણને દૃઢ શ્રધ્ધા અને અટલ નિષ્ઠા જાગે ત્યારે જ તેમની કૃપાથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે અને આપણા ભવબંધન તૂટી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી જ સદ્‌ગુરુનો ઉપદેશ આપણા હૃદયમાં (જીવનમાં) ઉતારવો જરૂરી છે.

જે સદ્‌ગુરુના વચનનું પાલન કરતો નથી તે અજ્ઞાનતાથી નરકવાસને પામે છે.

સદ્‌ગુરુ કૃપાસિંધુ છે. તેઓ મેઘ સમાન છે. મેઘ (વરસાદ) સતત વરસે છે, પણ ઊંચી જગ્યાએ તના પાણીનું ટીપુ સરખું રહેતું નથી અને નીચાણવાળા ભાગમાં પાણી ભેગું થાય છે, તેવી જ રીતે સદ્‌ગુરુએ આપેલુ જ્ઞાન યોગ્યતા (લાયકાત) મુજબ ગ્રહણ થાય છે. ઘમંડી, દાંભિક અને અભિમાની લોકો પાસે જ્ઞાનનું ટીપુ પણ નથી હોતું, પણ નીચે એટલે કે નમ્ર અને દૃઢ શ્રધ્ધાવાળાને જ્ઞાન પ્રાપ્ત થાય છે. કલ્પવૃક્ષ આપણને કલ્પેલી વસ્તુ આપે છે જ્યારે સદ્‌ગુરુ તો આપણને નહિ કલ્પેલી કામના પૂર્ણ કરી મુક્તિ આપે છે. આપણા પૂર્વજન્મના ભાગ્યના કારણે આપણને **સદ્‌ગુરુ બ્રહ્માજી ઈન્દ્ર ઈમામશાહ મહારાજ** મળ્યા છે. જેના કારણે આપણાં ભવબંધન દૂર થશે. આવા ભવબંધન દૂર કરનારા સદ્‌ગુરુ મળવા દુર્લભ હોય છે.

સતગુરુ ગુરુ બહુત અંતરો, જો દિવસ અરુ જાણ ।
ગુરુ બતાવે વૈકુંઠ તો, સદ્‌ગુરુ દે નિજ ધામ. ॥

ગુરુ અને સદ્‌ગુરુમાં ઘણો ફેર છે. ગુરુ વૈકુંઠનો માર્ગ બતાવે છે જ્યારે સદ્‌ગુરુ તો બ્રહ્મમાં લીન થવાનો માર્ગ બતાવે છે, મુક્તિનો માર્ગ બતાવે છે. ગુરુ તો અનેક હોય છે પણ સદ્‌ગુરુ યુગાંતરમાં

ભાગ્યે જ મળે છે. એને જ યુગગુરુ અથવા સૃષ્ટિના ગુરુ કહેવામાં આવે છે. આજે વર્તમાન સમયમાં કેટલાય સદ્‌ગુરુ થવાના ડોળ કરે છે પણ જે બાર કળાથી યુક્ત હોય તે જ ખરા સદ્‌ગુરુ કહેવાય. વેદશાસ્ત્રોમાં સદ્‌ગુરુની બાર કળાઓ વર્ણવી છે. (૧) જે પૂર્ણ ચંદ્ર પ્રમાણે નિર્મળ હોય છે (૨) જે સૂર્ય પ્રમાણે તેજસ્વી હોય છે. (૩) અગમ્યરૂપ બતાવનાર હોય છે. (૪) અગમ-નિગમ જાણનાર હોય છે. (૫) જેમના પગમાં પદ્મ હોય છે. (૬) જેમના જમણા પગના અંગૂઠામાંથી દૂધ એટલે કે તીર્થ નીકળતું હોય છે. (૭) જેમની આંખમાં ઊંઘ હોતી નથી અને સર્વ જગતને એકરૂપથી જુવે છે. (૯) જેમના પગ જમીનને અડતા નથી એટલે કે જેમની ગતિ મનની ગતિ પ્રમાણે છે. (૧૦) જે સત્ત્વ, રજસ, તમસ આદિ ગુણોથી પર હોય છે અને જેમની આંખો અત્યંત તેજસ્વી હોય છે. પોતાના મુખમાં ચૌદ ભુવન બતાવે છે એટલે કે ચૌદ ભુવન અને અખિલ બ્રહ્માંડની માહિતી આપે છે અને જન્મતાં જ બધા વેદ બોલી બતાવે છે. (૧૧) જેમની શક્તિ દેવ અને દાનવ કરતાં વધારે હોય છે. (૧૨) જે જિતેન્દ્રિય હોઈ બધાની મનોકામના પૂર્ણ કરે છે.

આ પ્રમાણે બાર કળાથી યુક્ત હોય તે જ સદ્‌ગુરુ - યુગગુરુ કે સૃષ્ટિગુરુ કહેવાય છે.

આજે મનુષ્યના ધનનું હરણ કરવાવાળા ઘણા ગુરુઓ હોય છે. પણ મનુષ્યના હૃદયના તાપ હરણ કરનારા, ત્રિવિધ તાપથી ગ્રસ્ત થયેલા સંસારી જીવાત્માની મનની શાંતિ અને મુક્તિ આપનારા, તારણહાર **સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ** એક જ છે.

જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે. જુદા જુદા ધર્મોનો પરસ્પર સંઘર્ષ થાય છે, ત્યારે મનુષ્યને માર્ગદર્શન આપવા માટે યુગગુરુ - સદ્‌ગુરુ પ્રગટ થાય છે. જે ધર્મના લીધે મનુષ્યનું ધારણ - પોષણ - ઘડતર થાય છે તે ધર્મ નિસ્તેજ અને ક્ષીણ થાય અને અધર્મનું બળ વધે, મનુષ્યની અધોગતિ થઈ સૃષ્ટિચક્ર બગડવા લાગે ત્યારે એ સૃષ્ટિચક્રને સુધારવા ધર્મ વિરોધક તત્ત્વોનો સંહાર કરવા, સજ્જનોનું અને ધર્મનું રક્ષણ કરવા ઈશ્વર અવતાર ધારણ કરે છે. ઈશ્વરના અવતાર એક જ યુગમાં અનેકવાર થાય છે અને જે તે સમયને અનુરૂપ અવતાર તેઓ ધારણ કરે છે. તે જ પ્રમાણે સદ્‌ગુરુનું પણ હોય છે. ઈશ્વરના અવતાર પહેલાં સદ્‌ગુરુ સત્યનો માર્ગ દિગ્દર્શિત કરે છે.

સતયુગમાં ભગવાનના ચાર અવતાર થયા, તે વખતે **"સદ્‌ગુરુ બ્રહ્મા અમરતેજ"** સદ્‌ગુરુ હતા. તેમણે ભગવાનને ઓળખાવવા દરેક ઈશ્વરીય અવતાર પહેલાં સદ્ધર્મ સ્થાપન કર્યો. પરંતુ તે સમયે તે યુગધર્મને ન માનવાવાળા એવા દૈત્યો શંખાસુર, મધુકૈટક, હિરણ્યાક્ષ, હિરણ્યકશ્યપુ વગેરે ધર્મને ક્ષીણ કરવા લાગ્યા. વિકારોને આધીન થઈ અધર્માચરણ કરવા લાગ્યા. સાધુ - સંતો વગેરેને રંજાડવા લાગ્યા ત્યારે ઈશ્વરને મત્સ્ય, કૂર્મ, વરાહ અને નૃસિંહ અવતાર ધારણ કરવા પડ્યા અને આ દૈત્યોનો સંહાર કરી ધર્મને સુવ્યવસ્થિત કર્યો. ત્યાર પછી ત્રેતાયુગમાં બલી, સહસ્રાર્જુન, રાવણ વગેરે રાક્ષસોએ યુગધર્મને ગણકાર્યો નહીં તેથી ભગવાનને વામન, પરશુરામ અને રામ એવા અવતાર લઈ તે રાક્ષસોનો સંહાર કર્યો. તે વખતે યુગગુરુ **"બ્રહ્મર્ષિ વશિષ્ઠ"** સદ્‌ગુરુ હતા. તે જ પ્રમાણે દ્વાપર યુગમાં સદ્‌ગુરુ પદ પર **"વેદ મૂર્તિ વ્યાસ"** સદ્‌ગુરુ હતા. તેમને દિગ્દર્શિત કરેલ ધર્મને કંસ અને દુર્યોધન વગેરે ન માનવાથી તેમનો સંહાર કરવા ભગવાનને શ્રી કૃષ્ણ અને શ્રી બુધ્ધા અવતાર ધારણ કર્યા. અત્યારે હાલ કલિયુગમાં એ યુગગુરુનું પદ **સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ**ને પ્રાપ્ત થયેલું છે. ઈશ્વરીય અવતારની જાણ કરી આપવા માટે તેમને સદ્ધર્મ (સતપંથ ધર્મ)નો માર્ગ દર્શાવ્યો છે.

સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપણને કહ્યું છે કે : સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં દુષ્ટોનો સંહાર કરી ભક્તોનો ઉધ્ધાર કરવા અને સદ્ધર્મની સ્થાપના કરવા માટે ભગવાનના નવ અવતારો થયા. સત્યયુગમાં ચાર, ત્રેતાયુગમાં ત્રણ અને દ્વાપર યુગમાં બે એમ કુલ નવ અવતારો થયા. હાલ કલિયુગમાં દસમો અવતાર થવાનો છે તેનું ધ્યાન, સ્મરણ, ચિંતન કરવાનું છે.

"ઉગ્યા તેને વંદીએ, વારો તેની આણ. આજ સ્વામીને ઓળખો, તેનાં કરો વખાણ."

આજ કલિયુગમાં જે દસમો શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનો અવતાર થવાનો છે તેનું સ્મરણ કરો, તેની ભક્તિ કરો. કોઈ વ્યક્તિ ઉચ્ચ પદે હોય ત્યારે તે જે હુકમ કરે તે બધા જ માન્ય કરતા હોય છે પરંતુ તે જ વ્યક્તિ થોડા દિવસ પછી તે અધિકાર પદેથી નિવૃત્ત થાય ત્યારે તેમની પાસેથી સત્તા જવાથી કોઈ તેનો હુકમ માને નહીં. તે જ પ્રમાણે અવતાર પુરુષનું અને યુગગુરુનું પણ છે. જે સમયે જે અવતારની સ્થાપના અને યુગગુરુની સ્થાપના થઈ હોય તે સમયમાં તે જ અવતારને અને તે જ યુગગુરુને માનવા જોઈએ. જે જે સમયે જે જે અવતારો અને જે જે યુગગુરુઓ થયા તે તે અવતારોને અને યુગગુરુઓને ન માનીએ તો સૃષ્ટિના નિયમનો ભંગ થાય અને આપણને દુઃખ ભોગવવું પડે. ઈશ્વરના જુદા જુદા સમયે થયેલા અવતારો બાહ્ય દૃષ્ટિથી ભલે જુદા દેખાતા હોય છે પણ અંતરંગમાં એક જ છે. એક જ ઈશ્વરનાં જુદાં જુદાં સ્વરૂપો છે તેમ એક જ યુગગુરુનાં જુદાં જુદાં સ્વરૂપો છે. આમ દશે અવતાર એક જ છે તેમ ચારે યુગના સદ્દગુરુઓ પણ એક જ છે. એટલે સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજના આદેશ અનુસાર માની જે કોઈ દસમા અવતાર શ્રી નિષ્કલંકી નારાયણની પૂરા ભાવથી ભક્તિ કરશે તેનું આત્મકલ્યાણ નક્કી જ છે.

સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં જે જે યુગગુરુ થયા તેમને જેમ આગમ ભાખ્યું તે તેમ પરમાત્માના અવતારો પ્રગટ થયા. આજે યુગગુરુ સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પણ થનારા દસમા અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું આગમ લખી રાખ્યું છે. તેમને મોક્ષમાર્ગની ગાયત્રીમાં પરમકૃપાળુ પરમાત્મા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કયાં અને ક્યારે અવતાર ધારણ કરશે તે દર્શાવ્યું છે કે :

ભરતખંડે ઈહઃ વૃતંતે, સ્વામી વાસ્તે ગતઃ વર્તતે, પરમ સુખામી, દ્વીપે સપ્ત દ્વીપે, જંબુદ્વીપે, કોટાંગ કોટાંગ જીવનંગ, પરમ મુક્તિમયઃ, મિંઘઃ, ઓત્રંગ દેશંગ, કુમારીકા ક્ષેત્રંગ, મુક્ત ગંગ, સત્ય ગુર્મટે, વભૂત નગર, વૈરાટ વામે ભવેતંગ, મહા સર્સતિ સાભ્રમતિ પૂર્વત્રષ્ટે, નવસ્થળે, ગુર્મટે, રેવા ઓત્રંગ, ષોડશ જોજનંગ, પંચનદી મૂળ સ્થાને, દિશા ઓત્રંગ, સત્યરુપી, બ્રહ્મવાયકે, મહાનારાયણ વચને, કલિયુગ અંતે, બુધ્ધ શાસ્ત્રાંગ, હુરાવરણે, સમાવર્તંગ, દશાંગ, સુરજાંગ, મહા મંગલંગ, કુલપદઃ દેહેઃ માસે, દિવસે, તિથિ, વારે, નક્ષત્રે, હુરાવરણે સ્થાપનાએ, ભ્રમડે, એ તે સ્થળે, ઊપજંતે, નિષ્કલંકી નારાયણ પરબ્રહ્મઃ, આદે ઊપજંતે, પરમ પ્રેમ હોતવંગ, મહાક્ષેત્ર, કલિયુગે કૃતવંગ, નારાયણ નવી સૃષ્ટિ સ્થાપંતે, તદા હોતવંગ સમાપ્તંગ, કલિયુગ અંતે નિષ્કલંકી નારાયણ પરબ્રહ્મઃ ને નમો નમઃ

શાસ્ત્રોમાં સાત દ્વીપનું વર્ણન છે. જંબુદ્વીપ, પલ્પત દ્વીપ, સાલ્મલી દ્વીપ, કુશદિપ, ક્રૌંચદ્વીપ, શાક દ્વીપ, અને પુષ્કર દ્વીપ. તેમાં જંબુદ્વીપના નવ ભાગ કહે છે એ ભાગને ખંડ કહે છે. ભરત ખંડ, હરિવર્ષખંડ, ઈલાવર્ત ખંડ, રમણકખંડ, હિરણ્યખંડ, કુરુખંડ, કિંપુરુષખંડ, ભદ્રાશ્વખંડ અને કેતુમાલખંડ એમ આ નવ ખંડ છે. તેમાં ભરતખંડમાં ઉત્તર દિશા તરફ જ્યાં કુંવારી ધરતી છે ત્યાં, વૈરાટ નગરની બાજુમાં પંચ નદીઓનું જ્યાં સંગમ સ્થાન

છે ત્યાં, નર્મદા નદીથી સોળ જોજન એટલે કે ચોસઠ ગાઉ સાબરમતી નદીના પૂર્વ કિનારે, નવ સ્થળ (નવ ટેકરા) પૈકીના ગીરમથા ગામે પીરાણા મુકામે કલિયુગને અંતે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન પ્રગટ થશે અને દૈત્ય કાલિંગાને સંહારીને ભક્તોનો ઉધ્ધાર કરી, કલિયુગનું ઉથાપન કરી સતયુગનું સ્થાપન કરશે.

વિષ્ણુ ભગવાને પ્રથમ આદિનારાયણની કળા લઈને મત્સ્ય અવતાર ધારણ કર્યો ત્યારે પાતાળમાં શંખાસુર દૈત્ય પાસેથી બ્રહ્માજીના વેદ લેવા ગયા ત્યારે વિષ્ણુ ભગવાને ધરતીમાતાને વચન આપ્યું હતું કે કલિયુગના અંતે જાંબુદ્વીપમાં કુંવારિકા ક્ષેત્ર ભૂમિમાં દસમો અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ ધારણ કરીશ ત્યારે તમોને વરીશ. આ વચન મુજબ વિષ્ણુ ભગવાન કુંવારિકા ભૂમિને પરણશે તેવું પાતાળમાં વચન આપેલું છે. તેમ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમની વાણીમાં વર્ણન કરેલ છે તે કુંવારીકા ભૂમિ એ જ આપણું પવિત્ર પ્રેરણાપીઠ - પીરાણા તીર્થધામ છે.

દુર્જનને સત્સંગથી સજ્જનતા મળે છે. પણ સજ્જન દુર્જનના સંગથી દુર્જન થતો નથી. તીર્થો માણસોનાં પાપ ધોઈ નાખે છે. પણ આ બધાં તીર્થો સદ્‌ગુરુના ચરણે હોય જ છે. તેથી સૌએ સદ્‌ગુરુનું જ ચરણતીર્થનું આચમન (પ્રાસન) કરવું જોઈએ કે જેથી તેને 'સત્' જ્ઞાન થાય. ભૂત - ભવિષ્ય જાણનારા દિવ્ય દૃષ્ટિવાળા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે જુદા જુદા ધર્મો જે અધોગતિએ જાય છે તે જોઈ સત્‌ધર્મ દર્શાવ્યો છે. આવા સત્‌ધર્મની સાચી ઓળખ દરેક યુગમાં યુગાવતારના સમયે જ થઈ છે. આ સતપંથ યુગોયુગ અનાદિકાળથી ચાલતો આવ્યો છે જે સનાતન છે અને તે જ સત્માર્ગ સદ્‌ગુરુએ આપણને દર્શાવ્યો છે. પરબ્રહ્મના સત્ય સ્વરૂપને જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે 'સત્' નામ આપ્યું છે. આ સત્ ને ઓળખવાનો માર્ગ તે જ સતપંથ છે. પરબ્રહ્મ પરમેશ્વરના અવ્યક્ત સ્વરૂપને એટલે સત્ ને જે ઓળખે છે તે અમર થાય છે અને તે જીવ જન્મ-મરણના ફેરામાંથી છૂટે છે.

જે સતિયા હોય તે જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે બતાવેલી સત્‌ની નાવડીમાં બેસશે કે જ્યાંથી કદી પાછા ફરવાપણું રહેતું નથી અને તે પરમધામને પામે છે. આ વેદશાસ્ત્ર અંતર્ગત માર્ગ છે. જ્યાં ચક્ષુ - વાણી કે મનની ગતિ નથી પહોંચી શકતી. જે અગમ્ય, અગોચર, અદ્વૈત અખંડ પ્રેમાનંદ છે. જે વર્ણવી કે જાણી શકાતું નથી. તે સત્ - ચિત્ આનંદરૂપ પરમાત્માને પામવાનો સત્‌માર્ગ - સતપંથ જેમણે દર્શાવ્યો તે પરમ બ્રહ્મરૂપ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને કોટી કોટી વંદન. **"માન્યા તે અમરાપુર ગયા, ન માન્યા તે ફેરામાં રહ્યા."** આ સત્યધર્મ (સતપંથ)ને માન્યા અને તે પ્રમાણે આચરણ કર્યું તે જીવ મોક્ષગતિએ પામ્યા છે પણ જે સત્ય વસ્તુને જાણતા નથી તે અધોગતિએ જાય છે. તેથી આપણે સૌ સત્યના સાધકોએ સદ્‌ગુરુનું જ્ઞાન યથાર્થપણે લઈ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહેલ અમૂલ્ય જ્ઞાન-ઉપદેશ ગ્રહણ કરી આત્મકલ્યાણ કરી લઈએ.

●●●

રત્નકણિકા

રહેલી છે સાચી શક્તિ, પ્રભુની ભક્તિમાં.
સૌનું ભલું થાય -
સારું થાય-
સુખી રહે -
આનંદિત રહે -
તેવી પ્રાર્થના ઈશ્વરને કરું.
જીવનનાં છેલ્લા સમયે ,
આશીર્વાદ સૌના મેળવીને મરું.
જીવનનૈયા મારી સદ્‌કાર્યોથી પાર કરું.

Satpanth Religious Literature - Sadguru Vaani - Gorvaani

સદ્‌ગુરુ વચનામૃત (ગોરવાણી)

સંકલન : હંસરાજભાઈ ગોવિંદભાઈ - મેઘપુરાકંપા

ગુરુ બ્રહ્માજીએ વેદ વચન કહીયા, અને મુનિવર કરોને વિચાર.
સદ્‌ગુરુ કહે તમે સાંભળો, કાહે ભુલો તે વારે વાર.
ગુરુએ દિલમાં દિપક લાઈયા, અને ચાંદરણાં કિયા નૂર.
જો પાંચે વશ હોય મુનિવરો, તો હરદમ સ્વામી હજુર.
સદ્‌ગુરુએ સ્વામી દેખાડીયા, અને તોયે ના સુજે ધરમ.
ઐસા જુગમાં પ્રભુજી છે, તે તો પુરણ પરિબ્રહ્મ.
જૈસા દૂધમાં ધૃત હૈ, અને તૈસા તુજમાં પ્રાણ.
ઐસા જગમાં પ્રભુજી છે, તે ઘટ ઘટ વ્યાપક જાણ.
જૈસા તિલમાં તેલ છે, અને કાષ્ટમાં અગ્નિ જોય.
ઐસા તુજમાં પ્રભુજી છે. તે તુમથી પ્રગટ હોય.

અહીં સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ સેવકોને તેમની વાણીમાં જ્ઞાન આપતાં કહે છે, હે મારા મુનિવરો ! બ્રહ્માજીએ વેદ વચનો દ્વારા જ્ઞાન આપ્યું તે સાંભળો - વિચારો અને પાળો. તે જ્ઞાન તમે શા માટે વારે વારે ભુલી જાઓ છો ? આ રીતે સદ્‌ગુરુજી દિલમાં જ્ઞાનરૂપી દિપક પ્રજવલીત કરે છે અને આપણાં ખોટાં - જૂઠાં કર્મોથી વાળી સતના માર્ગે ચડાવે છે. વધુમાં સદ્‌ગુરુશ્રી કહે છે કે જો પાંચે કરો વશ તો સ્વામી હરદમ હાજર એટલે કે આપણી પાંચ કર્મેન્દ્રીયો - આંખ ખરાબ જોવાનું બંધ કરી સારું જુએ, કાન ખરાબ સાંભળવાને બદલ જ્ઞાન - સત્સંગ સાંભળે, જીભ જુઠુ બોલે નહીં - ખરાબ - તજ્ય - ચીજો ખાય નહી અને સાત્વિક આહાર લે અને સાથે સાથે સત્ય વચનો વદે, નાક દુર્ગન્ધ ને બદલે સુગંધ લે, ભોગ ઈન્દ્રીય વશમાં રાખે તે રીતે પાંચે કર્મેન્દ્રીયો જો વશમાં હોય તો હરદમ પરમાત્મા પાસે છે. એટલે કે આપણને ક્યારેય ખોટું કરવાનું - ખોટું આચરવાનું મન નહીં થાય અને સત્ય - ભક્તિ ઉપર ચાલવાનું મન - વિચાર થશે. માટે સત્યનો સહારો લો એટલે સત્ય - એ જ પરમાત્મા - સત્ય એ જ આત્મા. માટે તમોને તમારામાં બેઠેલા પ્રભુજીની અનુભૂતી થવા લાગશે. સદ્‌ગુરુશ્રી આ રીતે સ્વામીનાં દર્શન - અનુભવ કરાવે છે, પણ કર્મેન્દ્રીઓ વશ ન હોવાથી સાચો ધરમ સુજતો નથી. સત્ય માર્ગ મળતો નથી. જેવો આ સ્વામી ઘટકાયામાં વસી રહ્યો છે તે પુરણ પરબ્રહ્મ છે. સદ્‌ગુરુશ્રી દૃષ્ટાંત આપતાં સમજાવે છે કે જેવી રીતે દૂધમાં ઘી છે, તેવા જ તારામાં પ્રાણ - આત્મા છે. તે પ્રભુજી જગમાં સર્વ વ્યાપક છે. તે જ પ્રભુજી સબ ઘટમાં વ્યાપકપણે વસી રહ્યો છે. જેમ તલમાં તેલ છે અને લાકડામાં અગ્નિ છે તેમ તમારામાં પ્રભુજી છે અને તે તારા વડે જ પ્રગટ થશે. અહીં સદ્‌ગુરુએ સંજ્ઞા કરી છે કે તારા વડે પ્રગટ થશે. તે કેમ પ્રગટ થાય ? તેની કેમ ઝાંખી થઈ અનુભવ થાય, તેના અનુભવ થાય તો શું શું અનુભૂતિ થાય? તેની ચાવીઓ તેના રસ્તાઓ આપણને બીજી ગોરવાણીમાં બતાવેલા છે. શ્વાસો શ્વાસ વગેરેને કેમ ચલાવવો તે થકી એટલે કે શ્વાસ થકી કેમ અજંપો જપવો વગેરે વર્ણનો ઘણી બધી જગ્યાએ સદ્‌ગુરુશ્રીએ કરેલાં છે.

દૂધ મંથે તો ઘૃત પાઈએ, અને ગુરુ ઈમામશાહની શાંખ.
એમ દેહી જો મંથીએ આપની, તો સ્વામી દેખો એની આંખ.
કાયા ખેતીમાં કીયા હલ ખેડીએ, અને દશવંત બીજ બોઈએ.
તેમાં જીકર પાણી સીંચીયે, તો સબ કુછ નિપજ હોય.
જેણે સદ્‌ગુરુ સ્વામીને ન ઓળખ્યા, તે જીવકા કૈસા મોલ.
ઈન્દ્ર ઈમામશાહ એમ બોલીયા, સાંભળો મુનિવર ભાઈ.

સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ કહે છે કે જેમ દૂધને વલોવીએ તો તેમાંથી ઘી પ્રાપ્ત થાય છે તેમ આ દેહને કસોટીના એરણ પર ચડાવીએ તો પરમ તત્ત્વ - પરમાત્માની અનુભૂતી થાય છે અને તમારા સ્વામીને જ્યોતી સ્વરૂપે તમે જ જોઈ શકો. અહીં કેમ ક્રિયા કરવી. તેની ચોખવટ લખી

નથી પરંતુ જીકરનાં પાણી સીંચીયે એટલે પૂર્ણ શ્રધ્ધા - વિશ્વાસ રાખી તેમાં જ ઓતપ્રોત બની કાયારૂપી ખેતીમાં હળ ખેડીએ એટલે પ્રભુને પ્રાપ્ત કરવાની ક્રિયા કરીએ તો જરૂર નિપજ મળે એટલે કે પરમાત્માની ઝાંખી થાય. બીજી ગોરવાણીમાં આનો રસ્તો બતાવતાં સદ્‌ગુરુશ્રીએ કહ્યું છે કે :

નાભી કમળશે નેહ લગાવો, નૂરત સૂરત મજબુત,
શ્વાસ ઉશ્વાસના શબ્દને પકડો, તો મીટે જનમ કી ભૂલ.
નાભી રે કમળની રે માંય, સોહમ્ શબ્દ ઉલટે રે,
ત્યાં હંસો જપે છે જાપ, તેનો તાર નવ તૂટે રે.
એ જપો અજંપા જાપને, જગત જંપે ઈ જાપને.
સ્નેહની સાંકળે બાંધો તો અલખ બોલે આપમાં.

ઉપરોક્ત પદોનો સાર એ છે કે શ્વાસ ઉશ્વાસની જે પ્રક્રિયા થઈ રહી છે તેમાં ધ્યાન લગાવી તેમાંથી ઉઠતા ધ્વની (સોહમ્) શબ્દને પકડો અને આ રીતે હરદમે તેમાં લક્ષ રાખી ધ્યાન લગાવીએ તો આ રીતના કાયમ અભ્યાસથી આત્માનુભૂતી થવા લાગશે. ફુલની વાસ અનુભવી શકાય પણ તે દેખી શકાતી નથી તેમ આત્માના સ્વરૂપની ઝાંખી થવા લાગશે. જુદા જુદા સ્વાદના રસના અમી ઘુંટ પીવા મળે. જુદા જુદા રંગો દશ્યમાન થાય. જુદા જુદા ધ્વની સાંભળવા મળે. આત્માનું મૂળ સ્વરૂપ સત્ - ચિત - આનંદ સ્વરૂપ છે. જેથી ખૂબ જ આનંદની અનુભૂતી થશે. આ રીતે થતાં આપણું જીવન બદલાઈ સત્ય-ભક્તિના માર્ગે વળી જશે. જેથી જીવનમુક્તિનો માર્ગ મોકળો થશે. એટલે જીવની મોક્ષગતિ થશે. આ રીતે સદ્‌ગુરુશ્રી કાયા ખેતીમાં હળ ખેડી નિપજ-ઉપજ લેવાની વાત કરી છે. તમારામાં વસતા સદ્‌ગુરુ સ્વામી - આત્માદેવને ન ઓળખ્યા તો જીવનો મોક્ષ થઈ શકશે નહીં અને ફરી ફરી આવાગમન દ્વારા જન્મ-મરણના ચક્કરમાં ફસાયા કરશો. માટે સદ્‌ગુરુશ્રીએ બતાવેલા માર્ગ આ ઘટકાયામાં મંથન કરી પરમ તત્ત્વની પ્રાપ્તિ કરી આ મોઘા મનુષ્ય જન્મને સાર્થક કરી જીવની આવાગમનથી મુક્તિ કરીએ.

●●●

હરદમ ધૂન મચાવો...

- વિલાસ દામુ મહાજન, રામનગર - સુરત

ઈમામશાહના નામની અને નિષ્કલંકીના નામની હરદમ ધૂન મચાવો રે...(૨)
હરદમ ધૂન મચાવો, મારા વાલા હરદમ ધૂન મચાવો. મારા વાલા (૨)
મારા ભક્તોને ખૂબ નચાવો રે. ઈમામશાહના નામની.....
પીરાણામાં ઈમામશાહ કેવા વસે છે.....જ્યોતિ સ્વરૂપે પ્રગટ થયા છે (૨)
ચંદનવીર હાજરી પુરાવે રે....મારા ચંદનવીર હાજરી પુરાવે રે... ઈમામશાહના ...
ભક્તોના રૂદીયામાં નિષ્કલંકી વસે છે,....ફુલોની માળા ગળે પહેરી છે....
હાથમાં ત્રિધારૂ શોભે રે...તમારા હાથમાં ત્રિધારૂ શોભે રે... ઈમામશાહના ...
દેવોમાં દેવ એ તો દસમો અવતાર છે, દેવોમાં દેવ એ તો દસમો અવતાર છે..
કલિયુગમાં ભક્તોને તારસે....કલિયુગમાં ભક્તોને તારસે....
ભક્તોનો ઉદ્ધાર કરશે રે.....મારા ભક્તોનો ઉદ્ધાર કરશે રે...
ઈમામશાહના....
ઈમામશાહના નામ અને નિષ્કલંકીના નામની હરદમ ધૂન મચાવો રે...
હરદમ ધૂન મચાવો, મારા વાલા.....હરદમ ધૂન મચાવો મારાવાલા
મારા ભક્તોને ખૂબ નચાવો રે... ઈમામશાહના....

●●●

સદ્‌ગુરુ વાણી

સાચા સતપંથ પાલાયે, અનો કીજીયે નિરમલ મન,
જો ક્રીયાથી ચાલે નો રદે વસો, ભાઈ પુરણ હોવે પુણ્ય.

ભાઈ પૂર્વ પુણ્ય વિના કેમ પામીયે, એ સતપંથ સાચી વાટ,
જુઠ છોડી સાચ બોલીયે, તો સરે જીવના કાજ.

ભાઈ સાચુ બોલીને પાપ બાળીયે, સુક્રીત સામલ સાથે લીજીયે,
પણ દુધે ધોયે કોયલા, તે કદી ના ઊજલા હોયે.

ભાઈ સતપંથમાં આવીને ઓતલ્યા, અનો બોલે મકરની વાત,
તોણે કમાઈ ખોઈ જુગ ચારની, તે નિશ્ચયે નરકે જાય.

ભાઈ હીરા પરખીયે અહેરન ઘણસુ, અને રતન પરખીયે ચંદ્ર જ્યોત,
મુનિવર પરખીયે કસનીસુ, ભાઈ મન જો નિર્મલ હોય.

મન મારી નિર્મળ કીજીયે, અનો કીજીયે કડક આચાર,
ભાઈ મુનિવર ઐસા સોચીયે, જે ઝાલે ગુરુબ્રહ્માની આંચ.

ભાઈ ગુરુ જે બોલે આપસુ, અનો હુકુમ ચઢાવે તે શીર,
ભાઈ મુનિવર ઐસા સોચીયે, જો એકોતેરસો અમરાપુર ઘેર.

ભાઈ એ તો પ્રેમ ખેલ હૈ, અનો જે કોઈ ખેલે અપાર,
પ્રાછત જાયે જુગ ચારનાં, જો ભણે અજંપા જાપ.

ત્રણ જુગમાં ત્રણ જાપ જપાવ્યા, શ્રી નૃસિંહ શ્રીરામ ને શ્રીકૃષ્ણ,
કલિયુગમાં શ્રી નિષ્કલંકી જાપ જપાયા, આ કલિયુગમાં થાનક નામ.

કલિયુગમાંહે પાપ પરવર્યો, તમે સર્વે રખેશર રહેજો હુશિયાર,
સુક્રીને સામલ સાથે બાંધજો, સ્વામી નિષ્કલંકી થાસે સ્વાર.

કહેત ઈમામશાહ સાંભલો મુનિવર, તમે સાચું જાણો નિરધાર,
તે વેલ આવતાં વાર નહીં, મુનિવર તમે થાવો હુશિયાર.

●●●

સદ્‌ગુરુ બ્રહ્મવાચા

મુનિવર મહાદન આવશે, અને હૃદયે વિચારી જોય,
મહા વખડી વેળા તે આવશે, ત્યારે થર રહેશે નહીં કોય.

ત્યારે દહાડો દહાડાને લોપશે, અને વેળા વેળાના જુજવા ભાવ,
ગોર ઈમામશાહે એમ ભાખીઆ, જેમ નીરમાં બુડે રે નાવ.

ભાઈ રે નીર વિના નાવ બુડશે, અને પાપનાં વહેશે પૂર,
સતીઆ શોધ્યા નહિ મળે, ત્યારે સાચા જાશે દૂર.

ભાઈ હેત હેતારત તૂટશે, અને ઉઠશે દયાને ધરમ,
ધરમી ધરમીની નિંદા કરશે, ત્યારે ઉપજશે પાપ કરમ.

ભાઈ માડી રે જાયા જે બંધવા, તે માંહે માંહે કરશે વેર,
બાપની સામે બેટી ગાળ બોલશે, ત્યારે પુરણ આવ્યો કલિ કાળ.

ભાઈ સતપંથ લઈને ઓતળ્યા, અને મુખે બોલે અવર વાત,
ભાઈ સત છોડો મુનિવરો, અને સત છોડે પત જાય.

ભાઈ એવી વેળા તે વેરણ આવશે, ત્યારે સાહેબ થાશે અસ્વાર,
અધર્મીને જુગમાંથી ટાળશે, દહિંતનો કરશે સંહાર.

ભાઈ ન દાનવી જ કરશે પૃથ્વી, અને હોશે તે જય જયકાર,
સાહેબ દહિંત કાળીંગાને છેદશે, રાજ આપે કરશે કીરતાર.

ભાઈ નવખંડમાં સ્વામી રાજા, અને અવર દુજા નહિ કોય,
રુખેસરને રિધ્ધિ સિધ્ધી આલશે, મુરખ હાથ ઘસંતા રે રોય.

ભાઈ જ્ઞાન વિના નવ પામીએ, જે ભણતા ચારે વેદ,
પસ્તાવો પડશે ગાફલને, એમ બોલ્યા ઈમામશાહ દેવ.

ભણે ગુરુ ઈમામશાહ સુણો મુનિવરો, દીલ માંહે રાખજો ધીર,
નિષ્કલંકી નજરે દેખાવશે, તે જાણો મુનિવર વીર.

●●●

શ્રધ્ધાંજલિ



સ્વ. ડૉ. વસંતભાઈ બાબુલાલભાઈ પાટીલ

જન્મતારીખ : ૨૩/૦૬/૧૯૫૫
સ્વર્ગવાસ તારીખ : ૦૩/૧૦/૨૦૦૯
ઉંમર : ૫૪ વર્ષ
ગામઃ દત્તકુંજ જુનાગામ, મેઈન રોડ, સોનગઢ. જી. તાપી - ૩૯૪ ૬૭૦

જીવન શ્વાસથી ટકે, પરિવાર વિશ્વાસથી, નફરત બધા પાસે છે, પ્રેમ બહુ થોડા પાસે.
દુનિયા એને જ 'પુષ્પ' કહેશે, જેની સુગંધ રહી જાય અને પોતે ખરી જાય.

"હશે કોઈ પુણ્ય અમારાં, અમોને સંગાથ મળ્યો તમારો,
જન્મો જન્મ મળજો તમો, હે માવતર ! કોટી કોટી વંદન તમોને અમારાં."

અમારા જીવનના ઘડવૈયા ! તમો જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી નિઃસ્વાર્થી રહી, જીવનમાં કર્મનિષ્ઠ, ધાર્મિક અને વૈદિક વિચારસરણીની પ્રવૃત્તિ નિષ્ઠાપૂર્વક નિભાવી અને પરોપકારના સદ્‌ગુણોને આત્મસાત કરી, વૈદીક સંસ્કાર સિંચનથી સમગ્ર પરિવારની વાડીને લીલીછમ બનાવી, વ્યવહારિકતાનો માર્ગ ચિંધનાર આપે સમગ્ર પરિવાર માટે પરિશ્રમ કરી સુખ-સમૃદ્ધિનો મહાસાગર મુકતા ગયા. આપે ચિંધેલા સંસ્કારો અમોને હંમેશાં પ્રેરણા આપતા રહેશે. આપના ચિંધેલા માર્ગ અને કંડારેલી કેડી પર તમારા આશીર્વાદ સાથે સદૈવ તત્પર રહીએ.

અમે આવા પુણ્યશાળી આત્માને સમગ્ર પાટીલ પરિવાર
ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

"મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે માનવી પણ તેના સત્કર્મો જીવે છે."

લિ.

બાબુલાલ પંઢરીનાથ પાટીલ (પિતા)
સ્વ. શશીકાંત બાબુલાલ પાટીલ (ભાઈ)
સૌરસ વસંતભાઈ પાટીલ (પુત્ર)
ડૉ. વૈભવ વસંતભાઈ પાટીલ (પુત્ર)
અર્પિતાબેન વસંતભાઈ પાટીલ (પુત્રી)

ગ.ભ. મંદાકીનીબેન વસંતભાઈ પાટીલ (પત્નિ)
દિલીપ બાબુલાલ પાટીલ (ભાઈ)
પ્રિતીબેન સૌરસભાઈ પાટીલ (પુત્રવધુ)
ડૉ. વિણાબેન વૈભવભાઈ પાટીલ (પુત્રવધુ)
ડૉ. વિપુલ ઈશ્વરભાઈ ગુર્જર (જમાઈ)

રૂદ્ર, નિલ, દેવાંગ, ધ્વનિ

Premitted to post at BAREJA No. 10th EM under postal regd. No. GUJqGNR-238,
issued by ssp Gandhinagar - 382 010.
Valied up to 31-12-2011, RNI No. GUJ/2006/11664

Printed Book

રવાના :
સતપંથ પ્રકાશ
સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ – ૩૮૨ ૪૨૫

To, ____________________

____

____

____